ગુજરાતમિત્ર
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫

# નેપાળમાં અરાજકતા: હિમાલયની ગોદમાં ચીન-અમેરિકાની ખેંચતાણ અને ભારતને ચિંતા

નેપાળમાં જેન-ઝીનો બળવો અને કે.પી. શર્મા ઓલીનું રાજીનામું ફક્ત સ્થાનિક ઘટના નથી. હિમાલયમાં ચીન-અમેરિકા વચ્ચેની ટક્કરની વચ્ચે આંદોલન દક્ષિણ એશિયાની જીઓ-પોલિટિક્સને હચમચાવી રહ્યું છે અને ભારત માટે પણ સીધી અસર કરે છે. અસમાનતા, ભ્રષ્ટાચાર અને સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ–આ ત્રણ કારણોએ લાંબા સમયથી ભડકેલી અગ્નિને ભભૂકી બનાવી. નેપાળનું ભૌગોલિક સ્થાન હિમાલયમાં ચીન-U.S.A. વચ્ચેની આકરી સ્પર્ધાની ફોલ્ટ લાઇન પર છે. નેપાળમાં જે થઇ રહ્યું છે તેનો પડઘો આખા દક્ષિણ એશિયામાં પડે છે અને ભારતના હિતો પર પણ તેનો સીધો પ્રભાવ પડે છે. કોઇપણ આંદોલન પાછળ ઘણાં કારણો હોય પણ એક કારણ એવું હોય જે તત્કાલ કારણ બને અને લાંબા સમયથી સળગી રહેલો ભારેલો અગ્નિ દાવાનળની માફક ફેલાઇ જાય.

2006ના રાજાશાહી પછી નેપાળનો રાજકીય લેન્ડસ્કેપ સતત અસ્થિર રહ્યો છે. 16 વર્ષમાં દેશમાં અલગ અલગ 10થી વધુ સરકારો રહી છે. ઓલીને માટે પોતાનું પદ ટકાવી રાખવું સાવ અશક્ય થઇ ગયું તેના સંદર્ભો સમજવા અનિવાર્ય છે. નેપાળ 2015 માં સ્થાપિત ફેડરલ સંસદીય પ્રજાસત્તાક હેઠળ કાર્ય કરે છે, જ્યાં વડા પ્રધાનને 275 સભ્યોના પ્રતિનિધિ ગૃહમાં

**નેપાળ આપણી બાજુમાં છે અને એટલે જ કેન્દ્ર સરકાર મૂક સાક્ષી બનીને બધો ખેલ જોયા કરે એવું શક્ય નથી. ત્રણ જ દિવસ સહરદ બંધ કરાઇ તો પણ તણાવ વધી ગયો, મુસાફરો ફસાઇ ગયા અને પેટ્રોલિયમના શિપમેન્ટ મોડા પડ્યા**

બહુમતી સમર્થનની જરૂર હોય છે. ઓલી પહેલેથી જ નબળા ગઠબંધન પર ટકેલા હતા. સોશ્યલ મીડિયા પ્રતિબંધ બાદ સાથી પક્ષોએ પણ વલણ બદલ્યું. ઓલી એકલા પડી ગયા અને રાજીનામું અનિવાર્ય બન્યું.

ઓલીનો ચીન તરફી ઝુકાવ સ્પષ્ટ હતો–'વન-ચાઇના' નીતિને ટેકો, તાઇવાનની સ્વતંત્રતાનો વિરોધ અને BRI પ્રોજેક્ટ્સ માટે ખુલ્લું આમંત્રણ. કાઠમંડુ પોસ્ટે લખ્યું કે નોન-એલાઇનમેન્ટનો દાવો હોવા છતાં ઓલીએ નેપાળને ચીનના ખોળે ધકેલ્યું. આ કોઈ તટસ્થ રાજદ્વારી અભિગમ નહોતો પણ એવી ભાષા હતી જેમાં બેઇજિંગની પ્રાથમિકતાનો પડઘો પડતો હતો. નાના આયાત આધારિત અર્થતંત્રમાં આવા ઝુકાવની ધારણા સુદ્ધાં બહુ જલદી આર્થિક અને રાજકીય વાસ્તવિકતામાં ફેરવાઇ જાય છે.

નેપાળમાં અમેરિકાના હિત હોવાની બાબત નવી નથી અને નાનીસૂની પણ નથી. 500-700 મિલિયન ડોલર્સ મેલિનિયમ ચેલેન્જ કોર્પોરેશન (MMC) - કોમ્પેક્ટ - પ્રોજેક્ટ જેના કેન્દ્ર સ્થાને રસ્તા અને પાવર લાઇન્સ છે તે નેપાળમાં U.S.A.ની સૌથી મોટી દેખીતી પહેલ છે અને તે ધ્રુવીકરણ માટે પણ એટલી જ જવાબદાર છે. નેપાળ-U.S.A.ના સંબંધોની અસ્થિરતા પણ આ કોમ્પેક્ટ પ્રોજેક્ટ છતી કરે છે, પછી ભલેને તે બંન્ને દેશો વચ્ચેના દ્વિપક્ષી સંબંધો માટે પાયાનો પથ્થર બની હોય. 2022માં વિરોધો અને વિવાદો પછી તેને મંજૂરી મળી. જો કે જ્યારે 2025માં ડોનાલ્ડ ટ્રમ્પ U.S.A.માં સત્તા પર પાછા ફર્યા ત્યારે અન્ય દેશોને અપાતી આર્થિક સહાય સસ્પેન્ડ કરાઇ તેમાં આ પ્રોજેક્ટ પણ અટકાવ્યો. આ સસ્પેન્શનને કારણે હજારો નેપાળી કામદારો બેરોજગાર થયા અને અધુરો પ્રોજેક્ટ રખડી પડ્યો. આ ઉલટફેરની કાઠમંડુમાં આકરી ટીકા થઇ જેમાં એમેરિકાની તરફેણ કરનારાઓએ પણ એમ કહ્યું કે અમેરિકા પર વિશ્વાસ રખાય એવું નથી રહ્યું એટલે નેપાળે ચીન તરફ ઝુકવું પડે છે. જુલાઇ 2025માં ટ્રમ્પે આ પ્રોજેક્ટ પર રિસ્ટાર્ટનું બટન દબાવ્યું જેને ડેમેજ કન્ટ્રોલ તરીકે જોવામાં આવ્યું પણ ચાર મહિના થોભાવાયેલા પ્રોજેક્ટને કારણે અમેરિકા તરફ નેપાળનું વલણ ડગુમગુ તો થઇ જ ગયું હતું.

**બહુશ્રુત**
**ચિરંતના ભટ્ટ**

MCCનું ભવિષ્ય U.S.A.ના નીતિ પરિવર્તન પર આધારિત છે તેવું નેપાળને સમજાઇ ગયું છે. વાત માત્ર રસ્તા અને પાવર લાઇન્સની નથી. આ સાબિત કરે છે કે નેપાળમાં માળખાકીય સુવિધા ખડી કરવાને મામલે વોશિંગ્ટન બેઇજિંગના હાથમાં નેપાળના ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ ન જાય તેની પર ચાંપતી નજર રાખે છે. જો કે આમાં નેપાળની હાલત બે ઘરના પરોણા જેવી છે - બેઇજિંગને કંઇ મળતું નથી અને જેની પાસે પ્રોજેક્ટ પાર પાડવની સત્તા છે તે અમેરિકા તેના અમલીકરણમાં અનિયમિત છે.

નેપાળના સોશ્યલ મીડિયા પર દાવો થયો કે અમેરિકન સંગઠનો આંદોલનને ગુપ્ત ટેકો આપે છે, પરંતુ આ દાવાની કોઇ ખરાઇ નથી. રોઇટર્સ, એપી અને ટાઇમના મેઇન સ્ટ્રીમ અહેવાલો બાહ્ય ભંડોળ નહીં પણ ભ્રષ્ટાચાર, અસમાનતા, સગાવાદને મળતા વિશેષાધિકાર અને સોશ્યલ મીડિયા પરના અચાનક પ્રતિબંધને જ આ આંદલોન માટે કારણભૂત ઠેરવે છે.

20થી વધુ પ્લેટફોર્મ પર પ્રતિબંધે યુવાનોને ભડકાવ્યા. જે યુવાનો પહેલેથી જ ધનિકોને મળતા વિશેષાધિકાર અને બેરોજગારીને કારણે ગુસ્સામાં હતા તે આ પ્રતિબંધથી વિફર્યા. તેમનો અવાજ બંધ કરાયો અને 'નેપો કિડ્ઝ'ને પૈસાનું પ્રદર્શન કરતા જોયા એટલે આંદોલનને જાણે નૈતિક વેગ મળ્યો. ઓલીની સ્થિતિ હચમચી ગઈ અને નાનકડો નેપાળ દેશ અરાજકતામાં લપેટાઇ ગયો.

બેઇજિંગ માટે 'વન-ચાઇના' નીતિને ટેકો આપનારું નેપાળ તિબેટ સાથે જોડાયેલી સરહદો પરની સંવેદનશીલતા ઘટાડે છે, BRI કોરિડોર્સને સુરક્ષિત કરે છે અને કાઠમંડુમાં ભારતના વર્ચસ્વને પણ લડત આપે છે. ઓલીના વલણથી ચીનને જે જોઇતું હતું તે મળ્યું, નવી વચગાળાની સરકાર બેઇજિંગ વિરુદ્ધ ન થઇ શકે પણ જો નાણંની તંગી હોય તો ચીન સાથેના સોદાઓની સમીક્ષા કરે, પારદર્શિતા પર સવાલ કરે અને તેનો પ્રભાવ મર્યાદીત કરે તેવી શક્યતા છે.

વોશિંગ્ટન માટે નેપાળ દક્ષિણ એશિયામાં પ્રભાવની કડીનો એક ભાગ છે– શ્રીલંકાના બંદરો, માલદીવ્સના બેઝિંગ મુદ્દા, બાંગ્લાદેશના કોરિડોર અને હિમાલયની વીજળી જોડાણ સાથે. અમેરિકા સમજી ગયું છે કે ફક્ત નાણાં પૂરાં પાડવાથી કામ ચાલતું નથી; લોકોની નજરમાં વિશ્વાસ જીતવો વધુ અગત્યનું છે. જો કાઠમંડુ ભ્રષ્ટાચારને ગુપ્ત વિદેશી નાણાં સાથે જોડે છે, તો પારદર્શક ટેન્ડર અને દેવાની જવાબદારી માટેની માંગણીઓ ચીનના મોડલને મર્યાદિત કરે છે અને MCC જેવા અનુદાનને પ્રોત્સાહન આપે છે. એટલા માટે અમેરિકા ભ્રષ્ટાચાર વિરોધી સુધારાઓ, ઇન્ટરનેટની સ્વતંત્રતા અને ચૂંટણીની સ્થિરતા–જેવી બાબતોને પણ પ્રોત્સાહન આપશે જેથી પોતે એક આદર્શ સાથી રાષ્ટ્ર હોવાના પોતાના પ્રભાવને તે મજબૂત કરી શકે. નેપાળ આપણી બાજુમાં છે અને એટલે જ કેન્દ્ર સરકાર મૂક સાક્ષી બનીને બધો ખેલ જોયા કરે એવું શક્ય નથી. ત્રણ જ દિવસ સહરદ બંધ કરાઇ તો પણ તણાવ વધી ગયો, મુસાફરો ફસાઇ ગયા અને પેટ્રોલિયમના શિપમેન્ટ મોડા પડ્યા. ભારત માટે નેપાળ ફક્ત પડોશી નહીં પણ જીવનરેખા છે–વેપાર, ઈંધણ અને સુરક્ષા બધું ત્યાંથી જોડાયેલું છે.

...અનુસંધાન પાના નં. 4 પર

### બાય ધી વે

એક વર્ગનું માનવું છે કે વોશિંગ્ટન પાકિસ્તાન, બાંગ્લાદેશ અને હવે નેપાળમાં અશાંતિને પ્રોત્સાહન આપે છે જેથી એશિયા અસ્થિર રહે, ડોલર મજબૂત રહે અને ચીન કાબુમાં રહે. ખરેખર તો રાજકીય અર્થતંત્ર વધુ જટિલ છે. ડોલરની મજબૂતીનો આધાર વૈશ્વિક રિસ્ક સર્કલ અને રોકાણકારોની પસંદગી પર આધારિત છે. નાના એશિયન દેશોની અશાંતિનો તેની પર બહુ પ્રભાવ નથી પડતો પણ એક વાસ્તવિકતા એ પણ છે કે નાના મજબૂત થાય તો તેની નજીક રહેલા મોટા દેશને તાકાત મળે. જો નાના દેશો અસ્થિર હોય ત્યારે પડોશના મોટા દેશને બાજુવાળાની ઝાળ પોતાને ત્યાં ન લાગે તેની માથાકૂટમાં પડવું પડે. મોટા સપનાં સિદ્ધ કરવાનું બાજુમાં મુકી તેમણે સુરક્ષાની લડાઇઓ કે વહારે ધાવાની કામગીરીમાં પડવું પડે. હા વોશિંગ્ટનની સ્પર્ધા છે માહિતી, સંસ્થાકીય ઘડતર, ભ્રષ્ટાચારનો વિરોધ, ઓપન ઇન્ટરનેટ, માળાખીય ધારા-ધોરણને મામલે કારણકે આ બાબતો નક્કી કરે છે કે સત્તાની સોટી કોના હાથમાં રહેશે.

ખા.નોં: યુએસ સંગઠનોએ તાજેતરના આંદોલનને ભંડોળ પૂરું પાડ્યું હતું તેવા દાવાઓ વ્યાપકપણે ઓનલાઈન કરવામાં આવી રહ્યા છે પરંતુ 12 સપ્ટેમ્બર, 2025ના રોજ મુખ્ય પ્રવાહના અહેવાલો દ્વારા આ દાવાને કોઈ સમર્થન અપાયેલું નથી.



# શા માટે નેપાળીઓને શાસકો, વિરોધ પક્ષો, જજો, પત્રકારો એમ કોઈ પર પણ ભરોસો નથી?

**નેપાળી પ્રજાના વિદ્રોહમાં પ્રચંડ, વ્યાપક અને સર્વાંગી હતાશા છે. કશી જ આશા બચી નથી, લોકતાંત્રિક નેપાળનો પ્રયોગ નિષ્ફળ નીવડ્યો છે અને તેને માટે દરેક રાજકીય પક્ષ જવાબદાર છે. ન્યાયતંત્ર પર ભરોસો નથી, સંસદ પર ભરોસો નથી અને મીડિયા પર પણ ભરોસો નથી**

પહેલાં શ્રીલંકા, એ પછી બાંગ્લાદેશ અને હવે નેપાળ. ભારતના ત્રીજા પાડોશી દેશમાં લોકવિદ્રોહ થયો છે અને સત્તાધીશોએ માત્ર ખુરશી નથી ખાલી કરવી પડી, જીવ બચાવવા નાસવું પડ્યું છે. આ ઉપરાંત ઇન્ડોનેશિયામાં પ્રજા આંદોલિત છે અને ગોદી મીડિયાનું સેવન કરનારા વાચકોને જાણકારી નહીં હોય, ઇઝરાયેલમાં પણ લોકો રસ્તા પર ઉતરી રહ્યા છે.

પણ શ્રીલંકા અને બાંગ્લાદેશની તુલનામાં નેપાળનો લોકવિદ્રોહ અલગ પ્રકારનો છે અને ભારતે ચેતવા જેવું છે. શ્રીલંકાનો વિદ્રોહ મુખ્યત્વે મોંઘવારી સામે હતો. અલગતાવાદી તમિળોનો ભય બતાવીને મહિંદા રાજપક્ષ અને તેનો ભાઈ ગોટાબાયા જોહુકમી કરતા હતા. બાંગ્લાદેશનો વિદ્રોહ બાંગ્લા વફાદાર અને બાંગ્લા ગદ્દાર વચ્ચે તિરાડ પાડીને શેખ હસીના વાજેદના એકહથ્થુ શાસન સામે હતો. હસીનાને સાથ આપનારા બાંગ્લા વફાદાર અને તેમને દરેક પ્રકારના લાભ આપવામાં આવતા હતા. એક દિવસ લોકોની ધીરજ ખૂટી અને શેખ હસીનાએ દેશ છોડીને નાસવું પડ્યું.

નેપાળી પ્રજાના વિદ્રોહમાં પ્રચંડ, વ્યાપક અને સર્વાંગી હતાશા છે. કશી જ આશા બચી નથી, લોકતાંત્રિક નેપાળનો પ્રયોગ નિષ્ફળ નીવડ્યો છે અને તેને માટે દરેક રાજકીય પક્ષ જવાબદાર છે. ન્યાયતંત્ર પર ભરોસો નથી, સંસદ પર ભરોસો નથી અને મીડિયા પર પણ ભરોસો નથી. લોકોએ આ ત્રણેય સંસ્થાઓને ટાર્ગેટ કર્યા છે. આગ લગાડવામાં આવી છે. સોશ્યલ મીડિયા પર અંકુશ મૂકનારો આદેશ જે મીડિયા ન સ્વીકારે તેના પર પ્રતિબંધ મૂકવામાં આવે એમાં કશું ખોટું નથી એવો ચુકાદો નેપાળની સર્વોચ્ચ અદાલતે આપ્યો હતો. અર્નબ ગોસ્વામીઓ નેપાળમાં પણ છે અને તેઓ ઘાટા પાડીને સરકારનું સમર્થન કરતા હતા. લોકોએ નેપાળના ગોદી મીડિયાના સંસ્થાનોને આગ લાગાડી. સંસદભવનને આગ લગાડી, કારણ કે તેમાં પણ નપાવટ રાજકારણીઓ બેસે છે. તેમનાં દરેકનાં સંતાનો લહેર કરે છે, કિંગ સાઈઝ જિંદગી જીવે છે, કેટલાક વિદેશમાં ઠરીઠામ થયા છે અને પ્રજાને નેપાળ મહાન, નેપાળી પ્રજા મહાનનો અમલ પિવડાવવામાં આવે છે.



મને જાણીતા યુટ્યુબર ધ્રુવ રાઠીનો વિડિયો સાંભળીને આશ્ચર્યજનક હકીકત જાણવા મળી કે ૧૫ હજાર નેપાળી યુવકો યુક્રેન સામે લડવા રશિયાના લશ્કરમાં ભરતી થયા હતા. તેમાંના કેટલાક ગોળીએ મર્યા અને કેટલાક ઠંડી સહન નહીં થવાથી માર્યા ગયા. જે પાછા આવ્યા એની હાલત ખરાબ હતી. નકલી રાષ્ટ્રવાદ અને એટલા જ નકલી દેશપ્રેમની આ કિંમત હતી. કિંમત ચૂકવે છે કોણ? સામાન્ય પ્રજા. નેતાઓનાં સંતાનો (નેપો કિડ્ઝ) મસ્તી કરે છે. તેઓ ક્યારેય ઝંડા લઈને રસ્તા પર ઉતરતા નથી.

શા માટે નેપાળીઓને શાસકો, વિરોધ પક્ષો, જજો, પત્રકારો એમ કોઈ પર પણ ભરોસો નથી? કારણ કે બહુ વ્યવસ્થિતપણે શૂન્યાવકાશ પેદા કરવામાં આવ્યો છે. દરેકને અનુકુળ બનાવો અને લોકતાંત્રિક સંતુલન ખોરવી નાખો. પ્રશ્ન કરનારો જશે ક્યાં? મીડિયા સાંભળશે નહીં, જજ ન્યાય નહીં આપે અથવા વિરોધમાં આપશે, વિરોધ પક્ષો વિરોધ પક્ષની ફરજ નથી નિભાવતા અને સંસદમાં ચર્ચા નથી થતી. ઊભા રહેવા માટે કોઈ જગ્યા જ નથી રહેવા દીધી. પ્રજા પાસે વાચા હતી, કાન નહોતા. કહેવા માટે એમ કહી શકાય કે નેપાળમાં લોકતંત્ર સાબૂત છે, કારણ કે પ્રજા વાણી સ્વાતંત્ર્ય ધરાવે, પણ કાન વ્યવસ્થિતપણે ફોડી નાખવામાં આવ્યા કાં બહેરા કરી નાખવામાં આવ્યા.

એક કાન બચ્યા હતા જેને સોશ્યલ મીડિયા કહેવામાં આવે છે. લોકો (ખાસ કરીને યુવકો) ગુસ્સો કરીને અથવા ઠઠ્ઠા મશ્કરી કરીને પોતાની ભડાસ કાઢતા હતા. ઘરમાં હવાદાની (વેન્ટીલેટર) બહુ જરૂરી હોય છે, નહીં તો ગુંગળામણ થાય.

**નો નોનસેન્સ**
**રમેશ ઓઝા**

૧૮૫૭માં ભારતમાં વિદ્રોહ થયો એ પછી અંગ્રેજોએ પોતાની પહેલથી ભારતના નેતાઓને એકઠા કરીને ૧૮૮૫માં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના કરાવી હતી. લોકોના મનમાં શું ચાલે છે એ સાંભળવા કાન જોઈએ અને કોંગ્રેસ અંગ્રેજો માટે સામેથી ઉપલબ્ધ કરાવેલો કાન હતો. આવો અમે સાંભળવા તૈયાર છીએ. સાંભળવાનો અર્થ એવો નથી કે અમે તમારી વાત માની લેશું, પણ સાંભળશું ઈમાનદારીથી. ક્યારેક વાત સ્વીકારે પણ ખરા. શાસન કેમ કરાય એ અંગ્રેજોને આવડતું હતું. એટલે તો અડધું જગત કબજે કર્યું હતું અને ભારત પર બસો વરસ (૧૭૫૭-૧૯૪૭) રાજ કર્યું હતું.

...અનુસંધાન પાના નં. 4 પર

### સિલી પોઇંટ

